# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : ભૂગોળ
## પ્રથમ પરીક્ષા
## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | ગુણ : 50

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 18 | 14 | 10 | 04 | 04 | 50 |
| ટકા (%) | 36 | 28 | 20 | 08 | 08 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | **કુલ** | **27** | **34** | **50** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણ |
|---|---|---|
| 1. | ભૂગોળ એક વિષયશાખા | 06 |
| 2. | પૃથ્વીનો ઉદ્ભવ અને ઉત્ક્રાંતિ | 07 |
| 3. | પૃથ્વીની આંતરિક રચના | 06 |
| 4. | ભૂકંપ અને જ્વાળામુખી | 10 |
| 5. | ભૂમિખંડો અને મહાસાગરો | 08 |
| 6. | ખડકો, ખનીજો અને જમીન | 08 |
| 15. | નક્શા, અર્થ અને પ્રકારો | 05 |
| | **કુલ** | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ભૂગોળ

## પ્રથમ પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **ગુણ : 50**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 સુધીના પ્રશ્નોમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક **પ્રશ્નનો 01 ગુણ**) | **10** |
| | **વિભાગ-B** | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (**દરેક પ્રશ્નનો 01 ગુણ**) | **05** |
| | **વિભાગ-C** | |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 16 થી 23 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના જવાબ લખો. (**દરેકના 02 ગુણ**) | **10** |
| | **વિભાગ-D** | |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 24 થી 31 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો. (**દરેક પ્રશ્નના 03 ગુણ**)<br>**(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મૂજબ 01 પ્રશ્ન કેસસ્ટડીનો પૂછવો.)** | **15** |
| | **વિભાગ-E** | |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 02 (બે) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (**દરેક પ્રશ્નના 5 ગુણ**)<br>**(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મૂજબ 01 પ્રશ્ન કેસસ્ટડીનો પૂછવો.)** | **10** |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) પ્રથમ પરીક્ષામાં જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ પૂછવાનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ભૂગોળ

## દ્વિતીય પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 50**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 18 | 14 | 10 | 04 | 04 | 50 |
| ટકા(%) | 36 | 28 | 20 | 08 | 08 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | **કુલ** | **27** | **34** | **50** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | ભૂગોળ એક વિષયશાખા | 02 |
| 2. | પૃથ્વીનો ઉદ્ભવ અને ઉત્ક્રાંતિ | 02 |
| 3. | પૃથ્વીની આંતરિક રચના | 02 |
| 4. | ભૂકંપ અને જ્વાળામુખી | 03 |
| 5. | ભૂમિખંડો અને મહાસાગરો | 02 |
| 6. | ખડકો, ખનીજો અને જમીન | 02 |
| 15. | નકશા, અર્થ અને પ્રકારો | 02 |
| 7. | ભૂમિસ્વરૂપો | 06 |
| 8. | વાતાવરણ | 06 |
| 9. | તાપમાન | 06 |
| 10. | પવન | 07 |
| 11. | વાતાવરણીય ભેજ | 06 |
| 16. | ભૌગોલિક માહિતી અને નકશા નિર્માણ | 04 |
| | **કુલ** | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : ભૂગોળ
## દ્વિતીય પરીક્ષા
## પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 10 | નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **10** |
| | **વિભાગ-B** | |
| 11 થી 15 | નીચે આપેલા 11 થી 15 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **05** |
| | **વિભાગ-C** | |
| 16 થી 23 | નીચે આપેલા 16 થી 23 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેકના 02 ગુણ)** | **10** |
| | **વિભાગ-D** | |
| 24 થી 31 | નીચે આપેલા 24 થી 31 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)** **(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મૂજબ 01 પ્રશ્ન કેસસ્ટડીનો પૂછવો.)** | **15** |
| | **વિભાગ-E** | |
| 32 થી 34 | નીચે આપેલા 32 થી 34 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 05 ગુણ)** **(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મૂજબ 01 પ્રશ્ન કેસસ્ટડીનો પૂછવો.)** | **10** |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ભૂગોળ

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 28 | 24 | 16 | 06 | 06 | 80 |
| ટકા(%) | 35 | 30 | 20 | 7.5 | 7.5 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 4. | વિસ્તૃત પ્રશ્નો (LA) | 03 | 05 | 15 |
| | **કુલ** | **44** | **53** | **80** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | ભૂગોળ એક વિષયશાખા | 04 | 07 |
| 2. | પૃથ્વીનો ઉદ્ભવ અને ઉત્ક્રાંતિ | 04 | 04 |
| 3. | પૃથ્વીની આંતરિક રચના | 04 | 04 |
| 4. | ભૂકંપ અને જવાળામુખી | 06 | 08 |
| 5. | ભૂમિખંડો અને મહાસાગરો | 05 | 05 |
| 6. | ખડકો, ખનિજો અને જમીન | 05 | 07 |
| 7. | ભૂમિસ્વરૂપો | 04 | 07 |
| 8. | વાતાવરણ | 05 | 05 |
| 9. | તાપમાન | 04 | 09 |
| 10. | પવન | 05 | 08 |
| 11. | વાતાવરણીય ભેજ | 06 | 06 |
| 12. | જલાવરણ | 05 | 05 |
| 13. | જીવાવરણ | 06 | 08 |
| 14. | આપત્તિ વ્યવસ્થાપન | 05 | 09 |
| 15. | નક્શા, અર્થ અને પ્રકારો | 03 | 06 |
| 16. | ભૌગોલિક માહિતી અને નક્શા નિર્માણ | 05 | 05 |
| 17. | સ્થળવર્ણન નક્શા | 04 | 04 |
| | **કુલ** | **80** | **107** |

**નોંધ :** ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ભૂગોળ

## વાર્ષિક પરીક્ષા

## પ્રશ્નપત્રનું માળખું

સમય : 3 કલાક | ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 16 | નીચે આપેલા 1 થી 16 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **16** |
| | **વિભાગ-B** | |
| 17 થી 24 | નીચે આપેલા 17 થી 24 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **08** |
| | **વિભાગ-C** | |
| 25 થી 38 | નીચે આપેલા 25 થી 38 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેકના 02 ગુણ)** | **20** |
| | **વિભાગ-D** | |
| 39 થી 48 | નીચે આપેલા 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 7 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)**<br>**નોંધ : કેસ સ્ટડી આધારિત (01) પ્રશ્ન મૂકવો.** | **21** |
| | **વિભાગ-E** | |
| 49 થી 53 | નીચે આપેલા 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 05 ગુણ)**<br>**નોંધ : કેસ સ્ટડી આધારિત (01) પ્રશ્ન મૂકવો.** | **15** |
| | કુલ ગુણ | **80** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ભૂગોળ

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **ગુણ : 80**

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે અને કુલ 53 પ્રશ્નો છે.
- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 16 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : (દરેકનો 1 ગુણ)** **[16]**

(1) નીચે આપેલ ભૂગોળવિદ્ અને તેમનાં નિવાસસ્થાન બાબતે યોગ્ય વિકલ્પ પસંદ કરી જોડકાં જોડો.

| **ભૂગોળવિદ્** | **નિવાસસ્થાન** |
|---|---|
| (1) થેલ્સ | (a) રોમ |
| (2) સ્ટ્રાબો | (b) અરબસ્તાન |
| (3) કાર્લ રિટર | (c) ગ્રીક |
| (4) ઈબ્ન બતૂતા | (d) જર્મની |

(A) 1-c, 2-a, 3-d, 4-b

(B) 1-a, 2-b, 3-c, 4-d

(C) 1-d, 2-c, 3-b, 4-a

(D) 1-c, 2-d, 3-b, 4-a

(2) પૃથ્વી : ચંન્દ્ર, શનિઃ .............

(A) ટાઈટન (B) એરોન

(C) ટિટોન (D) નેટીડ

(3) 'રોબિન્સન' - સોનાની ખાણ કયા દેશમાં છે ?

(A) યુ.એસ.એ. (B) રશિયા

(C) દક્ષિણ-આફ્રિકા (D) દક્ષિણ કોરિયા

(4) જો અંદમાનના દરિયામાં ઊંડે ભૂકંપ થાય તો ઉત્પન્ન થનાર ત્સુનામીથી નીચેનું કયું શહેર સીધી અસર અનુભવશે ?

(i) વિશાખાપટ્ટનમ (ii) હૈદરાબાદ (iii) બેંગલૂરુ (iv) ચેન્નાઈ

(A) માત્ર (i)
(B) (i) અને (iv)
(C) (i), (ii) અને (iv)
(D) ઉપરોક્ત બધા જ.

(5) મુખ્ય ભૂ-તક્તિઓની સંખ્યા કેટલી છે ?

(A) 7
(B) 8
(C) 9
(D) 15

(6) સૌથી કઠણ ખનિજ કઈ છે ?

(A) સોનું
(B) હીરો
(C) તાંબું
(D) ટાલ્ક


(7) સમુદ્રપાણીથી રચાતા સરોવરને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) તળાવ
(B) બંધારા
(C) લગૂન
(D) ખાડી

(8) નીચેનામાંથી કયો વાયુ ગ્રીન હાઉસ વાયુ નથી ?

(A) $CH_4$
(B) $N_2O_2$
(C) $O_3$
(D) $CO_2$

(9) નીચેની આકૃતિ જોઈને પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને જવાબ લખો.




(A) પરાવર્તન ગુણાંક
(B) આલ્બેડો
(C) A અને B બંને
(D) ઉપરનામાંથી એકેય નહિ

**ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

સૂર્યમાંથી આવતા કિરણો જળસપાટી પર પડતાં પરાવર્તિત થાય છે તેને શું કહે છે ?


(A) પરાવર્તન ગુણાંક

(B) આલ્બેડો

(C) A અને B બંને

(D) ઉપરનામાંથી એકેય નહિ

(10) નીચેની આકૃતિ કઈ લહેરોનો નિર્દેશ કરે છે ?




(A) દરિયાઈ લહેર

(B) પર્વતની લહેર

(C) ખીણની લહેર

(D) જમીનની લહેર

**ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

રાત્રે દરિયા કિનારે કયા પ્રકારની લહેરો ઉદ્‌ભવે છે ?

(A) દરિયાઈ લહેર

(B) પર્વતની લહેર

(C) ખીણની લહેર

(D) જમીનની લહેર

(11) નીચેનામાંથી કયું વાક્ય ફેરલનો નિયમ સૂચવે છે ?

(A) વ્યાપારી પવનો ઉત્તર ગોળાર્ધમાં પોતાની ડાબી બાજુ મરડાય છે.

(B) વ્યાપારી પવનો ઉત્તર ગોળાર્ધમાં પોતાની જમણી તરફ ફંટાય છે.

(C) વ્યાપારી પવનો નૈઋત્ય ખૂણામાંથી વાય છે, તેથી તેમને નૈઋત્યકોણીય વ્યાપારી પવનો કહે છે.

(D) વ્યાપારી પવનો વાયવ્ય ખૂણામાંથી વાતા હોવાથી તેમને વાયવ્યકોણી વ્યાપારી પવનો કહે છે.

(12) નીચેના વાક્યોમાંથી કયું વાક્ય ખોટું છે ?

(A) ચંદ્ર માસના સાતમ-આઠમના રોજ સૂર્ય અને પૃથ્વી સાથે ચંદ્ર કાટખૂણે આવે છે, તેથી લઘુત્તમ ભરતી આવે છે.

(B) ચંદ્ર માસના પૂનમ-અમાસના દિવસે સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર સીધી રેખામાં આવે છે, તેથી ગુરુત્તમ ભરતી આવે છે.

(C) મેક્સિકોના અખાત અને પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના કિનારે દિવસમાં બે વાર ભરતી આવે છે.

(D) કેનેડાના ફંડીના અખાતમાં ભરતી વખતે વિશ્વના સૌથી ઊંચા મોજાં ઊછળે છે.

(13) વીજળીનો ચમકારો એ કયા જૈવ રાસાયણિક ચક્ર સાથે જોડાયેલી ઘટના છે ?

(A) નાઈટ્રોજન (B) ઑક્સિજન

(C) કાર્બન ડાયોક્સાઈડ (D) ફોસ્ફરસ

(14) ગુજરાતમાં કઈ સાલમાં આવેલ ભૂકંપે ઘણી તારાજી સર્જી હતી ?

(A) 2001 (B) 2005

(C) 2010 (D) 2015

(15) નાના માપના નકશાથી મોટા માપના નકશા પ્રમાણે ક્રમાનુસાર ગોઠવણી કરો.

(1) 1 સે.મી. : 50 કિલોમીટર (2) 1 સે.મી. : 150 કિલોમીટર

(3) 1 સે.મી. : 200 કિલોમીટર (4) 1 સે.મી. : 2000 કિલોમીટર

(A) 3, 2,1, 4 (B) 1, 2, 3, 4

(C) 4, 3, 2, 1 (D) 1, 4, 2, 3

(16) વિધાન અને કારણ

A વિધાન - GPSનો ઉપયોગ મોટરગાડીઓ અને મોબાઈલમાં પણ થાય છે.

R કારણ - GPSનો ઉપકરણ દ્વારા વ્યક્તિ પૃથ્વીની સપાટી પર તેના સ્થાનની ચોક્કસાઈથી ઓળખ કરી શકે છે.

(A) A અને R બંને સાચાં છે અને R એ Aનું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) A અને R બંને સાચાં છે પરંતુ R એ Aનું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) A સાચું છે, પરંતુ R સાચું નથી.

(D) A ખોટું છે, પરંતુ R સાચું છે.

## વિભાગ - B

- **નીચે આપેલા 17 થી 24 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો : [08]**

**(દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)**

(17) ભૂગોળ શબ્દનો અર્થ આપો.


(18) ભૌગોલિક સંકલ્પના સમજાવો – નિફે (NiFe)

(19) જિગ-સો-ફિટ પઝલ રમત કયા સિદ્ધાંતને લાગુ પડે છે ?

(20) “ખનિજ ઉપર ઘસરકો થાય અને તે જે પ્રતિકાર કરે તે પ્રતિકાર એટલે ખનીજની નક્કરત”, તો તમારી આસપાસનાં વધુ નક્કરતા ધરાવતા ત્રણ ખનીજોની ઓળખ કરી તેનાં નામ આપો.

(21) પર્વતની વ્યાખ્યા લખો.

(22) નીચેની આકૃતી કયા પ્રકારનો વિક્ષોભ બતાવે છે ?



**ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

પ્રતિચક્રવાત સમજાવો.

(23) મને ઓળખો - મરિયાના ટ્રેન્ચ

(24) શું તમે કોઈ એવી પરિસ્થિતનો વિચાર કરી શકો છો, જ્યાં GPS પ્રણાલીનો ઉપયોગ દુષ્ટ હેતુઓ માટે થઈ શકે ?

## વિભાગ - C

- **નીચે આપેલા 25 થી 38 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (દરેક પ્રશ્નના 2 ગુણ)** **[20]**

(25) વર્તમાન વિશ્વ કઈ સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યું છે ?

(26) મિશ્રાવરણ એટલે શું ?

(27) ભૂમિગત અણુ ધડાકા નુકસાનકારક છે. સમજાવો.

(28) જમીનના મુખ્ય ચાર ભૌતિક લક્ષણો કયા છે ?

(29) રાધિકા કુટુંબ સાથે ઉનાળામાં લદ્દાખની મુસાફરી કરે છે. ત્યાંના ભૂપૃષ્ઠને જોતાં રાધિકાને લદ્દાખના ખડકો પર કુદરતી પરિબળો દ્વારા થતું ઘસારણ જોવા મળે છે. રાધિકા તેના પિતાશ્રીને આ ઘસારણ કાર્ય વિશે સમજ આપી ત્યાં રચાયેલા વિવિધ ભૂમિસ્વરૂપોના આકારોનાં નામ જણાવે છે. તમે કહી શકશો કે રાધિકાએ કયા ઘસારણકાર્યની અને ભૂમિસ્વરૂપોના આકારોની વાત કરી હશે ?

(30) ભૌગોલિક કારણ લખો : “ક્ષોભસીમાનો વિસ્તાર વિમાન ઉડ્ડયન માટે અનુકૂળ છે.”

(31) આબોહવા પરિવર્તનથી ચેન્નાઈનાં અસ્તિત્વ સામે કોઈ ખતરો તમને દેખાય છે ? વિગતે ચર્ચા કરો.

(32) તમે પૂણેમાં રહો છો. તમારા માસી મુંબઈમાં રહે છે. મુંબઈમાં તમારા કરતાં હંમેશાં વરસાદનું પ્રમાણ વધુ રહે છે. આનું શું કારણ હશે ?

(33) પારિસ્થિતિક તંત્રના મુખ્ય પ્રકાર જણાવો.

(34) કયા દેશો પ્રકોપોની અસરને નિયંત્રત કરવામાં સફળ થયા છે ?

(35) દુષ્કાળ એટલે શું ?

(36) નીચેના ચાર્ટમાં પ્રમાણમાપના આધારે નકશાના પેટા પ્રકારોમાં એક બાબત ખોટી છે. તે ભૂલ સુધારી ચાર્ટ ફરીથી દોરો.

**નકશાના પ્રકાર**

**પ્રમાણમાપના આધારે** | **હેતુ આધારિત નકશા**


**નાના માપના નકશા**
(૧) નકશાપોથી/એટલાસના નકશા
(૨) જમીન માલિકીના નકશા


**મોટા માપના નકશા**
(૧) સ્થળવર્ણન નકશા
(૨) દિવાલે ટાંગવાના નકશા
(૩) સર્વેક્ષણ નકશા

**ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

પ્રમાણ માપના આધારે નકશાના પ્રકાર જણાવો.

(37) નીચેની માર્ગની બે રૂઢ સંજ્ઞાઓમાં મૂળ તફાવત બતાવો.





**ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

કોઈ પણ બે રૂઢ સંજ્ઞાઓના નામ લખો.

(38) ભૂમિ-સ્વરૂપોની ઊંચાઈ દર્શાવવા માટે સ્થળવર્ણન નકશામાં કઈ કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે ?

## વિભાગ - D

- **નીચે આપેલા 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :** **[21]**
  **(દરેક પ્રશ્નના 3 ગુણ)**

(39) "વર્તમાન સમયમાં ભૂગોળ ખૂબ જ ઉપયોગી વિષય છે." આ વિધાન સમજાવો.

(40) 'સૂર્ય' વિશે ટૂંકનોંધ લખો.

**કેસ સ્ટડી આધારિત પ્રશ્ન :**

(41) નીચેનો ફકરો વાંચીને સાથે આપેલા પ્રશ્નોના જવાબ લખો :

સ્વેસના મતાનુસાર મહાસાગરના તળિયા સહિત આખી પૃથ્વી પર ભૂકવચ (Sial) પથરાયેલું છે. સાયમા સિઆલની સરખામણીમાં વધુ સખત છે. મધ્ય આફ્રિકા અને બ્રાઝિલના ઉચ્ચપ્રદેશો એક જ પ્રકારના પ્રાચીન નક્કર આગ્નેય ખડકોના બનેલા છે. એટલેન્ટિક મહાસાગરના બંને કાંઠાના પ્રદેશોનું ભૂસ્તરીય બંધારણ એકબીજાને મળતું આવે છે. અરબસ્તાનનો ઉચ્ચપ્રદેશ, ભારતનો દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ અને પશ્ચિમ ઓસ્ટ્રેલિયાનો વિશાળ ઉચ્ચપ્રદેશ પણ પ્રાચીન આગ્નેય ખડકોના બનેલા છે. ઉપરાંત આ પ્રદેશોમાં આવેલી હિમ-અશ્માવલિઓમાં પણ સામ્યતા જણાય છે. ઉત્તર અમેરિકાની એપેલેશિયન પર્વતમાળા અને પશ્ચિમ યુરોપ તથા બ્રિટિશ ટાપુઓનાં પર્વતીય ક્ષેત્રોમાંથી એક જ કાળમાં બનેલો કોલસો મળી આવ્યો. એટલેન્ટિક મહાસાગરના બંને કિનારાના પ્રદેશોમાંથી મળી આવેલી પ્રાચીન વનસ્પતિ અને જીવજંતુઓના અશ્મિઓમાં સમાનતા છે. કેટલાંક પશુ-પંખીઓ પણ સદીઓ વીતી ગઈ હોવા છતાં પોતાના મૂળ વતનમાં સ્થળાંતરણ કરે છે. ઉત્તર સ્કેન્ડેનેવિયાના ઉંદર અને અન્ય સરિસૃપો પશ્ચિમ દિશામાં પોતાના પૂર્વજોની વતનભૂમિ આઈસલેન્ડ તરફ સ્થળાંતરણ કરે છે. આઈસલેન્ડનાં કેટલાંક પ્રાણીઓ ઉત્તર સ્કેન્ડેનેવિયા પ્રાણીઓને મળતાં આવે છે. વેગનરના ખંડ પ્રવહનના સિદ્ધાંતને ઉપર્યુક્ત બાબતો સાબિતીઓ પૂરી પાડે છે. સમુદ્રતળ પ્રસરણ અને ભૂ-તક્તિ સંચલન વિચારધારાના કારણે પણ ખંડપ્રવહન વિચારધારાને મહત્ત્વ મળ્યું છે. તેમ છતાં 'ખંડ પ્રવહન' સિદ્ધાંતની સામે કેટલાયે પ્રશ્નો વણઉકેલ્યા છે.

**પ્રશ્નો :**

(a) કયા ઉચ્ચ પ્રદેશો એક જ પ્રકારના ખડકોના બનેલા છે ?

(b) ઉપરોક્ત સિદ્ધાંત પ્રમાણે પ્રાણીઓ સ્થળાંતરણ કરે તેનું કારણ શું હોઈ શકે છે ?

(c) ખંડપ્રવહન સિદ્ધાંતને મળતી આવતી વિચારધારાઓ કઈ છે ?

(42) ખડક એટલે શું ? આગ્નેય ખડકો વિશે નોંધ લખો.

(43) ભૌતિક ખવાણ એટલે શું ? તેના પ્રકાર વર્ણવો.

(44) ટૂંકનોંધ લખો : વાતાવરણની ઘનતા

(45) એક વેપારી ઉત્તર અયનવૃત્તીય ગુરુદાબપટ્ટ ઉપર સમુદ્રમાં પોતાની હોડીમાં માલસામાન લઈને ઊભો છે. તેને વિષુવવૃત્ત પર જવું છે. તે કયા પવનોનો સહારો લેશે ? શા માટે તે કારણ સહિત જણાવો.

(46) શિયાળામાં યુરોપના પશ્ચિમ કિનારે આમ તો વધુ ઠંડી પડે છે, અને સમુદ્રમાં પણ ખૂબ ઠંડીને કારણે બરફ જામી જવો જોઈએ. જેના કારણે ત્યાંના બંદરો શિયાળામાં કાર્યરત રહી શકે નહીં. પણ આનાથી ઊલટું બને છે અને બંદરો સરસ રીતે કાર્યરત રહે છે. મહાસાગરના પ્રવાહોના સંદર્ભમાં કારણ સહિત સમજાવો.

(47) નકશાનું મહત્ત્વ વર્ણવો.

(48) GPSનો ઉપયોગ રોજિંદા જીવનમાં કયા કયા ક્ષેત્રમાં થાય છે ? વિવિધ ઉદાહરણો સાથે સમજૂતી આપો.


## વિભાગ - E

- **નીચે આપેલા 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 03 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો : (દરેક પ્રશ્નના 5 ગુણ)** **[15]**

(49) ભૂકંપની અસરો વર્ણવો.

(50) જગદીશભાઈ ફરવાના શોખીન છે. તેઓ વિમાનમાં ભારતથી કેન્યા પહોંચી ગયા. ત્યાંથી વિમાનમાં સીધા નોર્વે પહોંચી ગયા. ત્યાં વાતાવરણ બિલકુલ ઊલટું જ હતું. બે દિવસ પછી ભારત આવ્યા. વાતાવરણ વિશે જગદીશભાઈના અનુભવો કેવા રહ્યા હશે ? વિગતે કારણ સહિત સમજાવશો.

(51) નીચે આપેલ ચિત્ર જોઈને સાથે આપેલ પ્રશ્નોના જવાબ લખો.




(a) Aના સ્થાને યોગ્ય બાજુનું નામ લખો.

(b) Bના સ્થાને વરસાદનું પ્રમાણ કેવું હશે ?

(c) આ ચિત્ર કેવા પ્રકારની વૃષ્ટિનું વર્ણન કરે છે ?

(d) આ આકૃતિ સમજ્યા પછી તમે કહી શકશો કે મલબાર કિનારે કે દખ્ખણનો ઉચ્ચપ્રદેશ બંનેમાંથી ક્યાં વધુ વરસાદ પડતો હશે ?

(e) વર્ષાછાયાનો પ્રદેશ વધુ વરસાદ મેળવે છે કે ઓછો તે જણાવશો ?

**ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

(51) ભૂપૃષ્ઠની વૃષ્ટિ પર વિસ્તૃત નોંધ લખો.

(52) આહાર શૃંખલાને મુદ્દાસર સમજાવો.

(53) કુદરતી પ્રકોપો અને દુર્ઘટનાઓ વિશે સવિસ્તાર સમજાવો.

---

## શૈક્ષણિક વર્ષ 2024-25

# Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

**ધોરણ - 11** **વિષય : ભૂગોળ (148)**

**વિભાગ-A**

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcomes (અધ્યયન નિષ્પત્તિ) |
|---|---|---|---|---|
| 1 | જોડકાં જોડો | (01) | ભૂગોળ વિષયના ઉદ્ભવ અંગેના ખ્યાલો વર્ણવે છે. | 1101 ભૂગોળની પ્રકૃતિ અને તેનું મહત્ત્વ સમજે. |
| 4 | જો આંદામાનના દરિયામાં..... | (01) | પૃથ્વી પર બનતી વિવિધ કુદરતી સમસ્યાઓ જેવી કે ભૂકંપ, જ્વાળામુખી વગેરેનાં કારણો વર્ણવે છે. | 1104 પૃથ્વીની સપાટી ઉપર પરિવર્તન લાવતી પ્રક્રિયાઓને વર્ગીકૃત કરે છે. |
| 9 | આકૃતિ પરથી વિકલ્પો | (01) | પૃથ્વીના વાતાવરણમાં તાપમાનના વિતરણને સમજે છે. | 1103 પૃથ્વી પરની પ્રાકૃતિક લાક્ષણિકતા, અસાધારણ અને ઘટનાઓ વગેરે નકશા-ચિત્રોમાં ઓળખે છે. |
| 10 | નીચેની આકૃતિ કઈ..... | (01) | તાપમાનનો મૂળ ખ્યાલ સમજે છે તથા તેના લીધે ઉદ્ભવતી અસરો જેવી કે પવન, ભેજ વગેરે ઘટનાઓને વર્ણવે છે. | 1103 પૃથ્વી પરની પ્રાકૃતિક લાક્ષણિકતા, અસાધારણ ઘટનાઓ વગેરે નકશા-ચિત્રોમાં ઓળખે છે. |
| 11 | નીચેનામાંથી કયું વાક્ય..... | (01) | તાપમાનનો મૂળ ખ્યાલ સમજે છે તથા તેના લીધે ઉદ્ભવતી અસરો જેવી કે પવન, ભેજ વગેરે ઘટનાઓ વર્ણવે છે. | 1104 પૃથ્વીની સપાટી ઉપર પરિવર્તન લાવતી પ્રક્રિયાઓને વર્ગીકૃત કરે છે. |
| 12 | કયું ખોટું છે ?..... | (01) | પૃથ્વી, ગ્રહો, ઉપગ્રહોની ગતિ અને તેના પર ગુરુત્વાકર્ષણના પ્રભાવને સમજે છે. | 1107 બ્રહ્માંડ અને પૃથ્વીની ઉત્પત્તિ, ખંડપ્રવહનનો સિદ્ધાંત, પ્લેટ ટેક્ટોનિક્સ, આબોહવાકીય પ્રદેશો વગેરેના પ્રભાવને સમજે. |
| 15 | નાના માપના નકશાથી..... | (01) | નકશાના ખ્યાલને સમજી તેના પ્રકારો તથા તેના વાંચન થકી પોતાના જીવનમાં તેના વિવિધ ઉપયોગો કરી જાણે છે. | 1111 ભૌગોલિક કૌશલ્ય (RS, GIS, GNSS) દર્શાવે તેમજ સ્થળવર્ણન નકશા, હવામાન ચાર્ટ વગેરેનું અર્થઘટન કરે છે. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcomes (અધ્યયન નિષ્પત્તિ) |
|---|---|---|---|---|
| 16 | વિધાન અને કારણ | (01) | નકશા નિર્માણની આધુનિક તકનિકોથી માહિતગાર થઈ કમ્પ્યૂટર થકી નકશા બનાવી શકે તથા GPS જેવી ટૅક્નોલોજીના ઉપયોગોથી રોજિંદા જીવનમાં થતાં લાભો વર્ણવે છે. | 1111 ભૌગોલિક કૌશલ્ય (RS, GIS, GNSS) દર્શાવે તેમજ સ્થળવર્ણન નકશા, હવામાન ચાર્ટ વગેરેનું વગેરેનું અર્થઘટન કરે છે. |
| **વિભાગ-B** | | | | |
| 20 | ખનીજ પર ઘસરકો.... | (01) | પૃથ્વીના ભૂપૃષ્ઠને સમજે છે તથા પૃથ્વના પેટાળમાં રહેલા ખનીજ તત્ત્વોને સમજે છે. | 1105 કુદરતી ઘટનાઓ અને પ્રક્રિયાઓ તેની લાક્ષણિકતાઓના આધારે તફાવત રજૂ કરે છે. |
| 22 | આકૃતિ પરથી સમજૂતી.... | (01) | તાપમાનનો મૂળ ખ્યાલ સમજે છે તથા તેના લીધે ઉદ્‌ભવતી અસરો જેવી કે પવનો, દબાણ વગેરેને વર્ણવી શકે છે. | 1108 મોડેલ્સ-આકૃતિઓ દ્વારા નિદર્શન કરે છે. |
| 24 | શું તમે કોઈ એવી..... | (01) | નકશા નિર્માણની આધુનિક તકનિકોથી માહિતગાર થઈ ટૅક્નોલોજીની સકારાત્મક અને નકારાત્મક તફાવતને વર્ણવી શકે છે. | 1111 ભૌગોલિક કૌશલ્ય (RS, GIS, GNSS) દર્શાવે તેમજ સ્થળવર્ણન નકશા, હવામાન ચાર્ટ વગેરેનું અર્થઘટન કરે છે. |
| **વિભાગ-C** | | | | |
| 29 | રાધિકા કુટુંબ સાથે..... | (02) | પૃથ્વીના ભૂપૃષ્ઠને સમજે છે તથા તેના વિવિધ સ્વરૂપો ઓળખી બતાવે છે. | 1105 કુદરતી ઘટનાઓ અને પ્રક્રિયાઓ તેની લાક્ષણિકતાઓના આધારે તફાવત રજૂ કરે છે. |
| 31 | આબોહવા પરિવર્તનથી..... | (02) | વાતાવરણમાં આબોહવા વિશે જાણી આબોહવા પરિવર્તનથી થતી સકારાત્મક-નકારાત્મક અસરો સમજે છે. | 1112 નિર્ણય પ્રક્રિયા અને સમસ્યા ઉકેલ કૌશલ્યો દાખવે છે. |
| 32 | તમે પૂણેમાં..... | (02) | વાતાવરણના વિવિધ તત્ત્વો જાણી પવન, ભેજ, વૃષ્ટિ, દબાણ વગેરે ઘટનાઓને વર્ણવે છે. | 1105 કુદરતી ઘટનાઓ અને પ્રક્રિયાઓ તેની લાક્ષણિકતાઓના આધારે તફાવત રજૂ કરે છે. |
| 36 | નીચેના ચાર્ટમાં... | (02) | નકશાના ખ્યાલને સમજી તેના પ્રકારો તથા તેના વાંચન થકી પોતાના જીવનમાં તેના વિવિધ ઉપયોગો કરી જાણે છે. | 1108 મોડેલ્સ અથવા આકૃતિઓ દ્વારા નિદર્શન કરે છે. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcomes (અધ્યયન નિષ્પત્તિ) |
|---|---|---|---|---|
| | | | **વિભાગ-D** | |
| 37 | નીચેના માર્ગની બે... | (02) | નકશાના ખ્યાલને સમજી નકશા નિર્માણમાં રૂઢસંજ્ઞાઓ ઓળખે છે. | 1110 ભૌગોલિક માહિતીને નકશામાં યોગ્ય સ્વરૂપમાં રજૂ કરે છે. |
| 45 | એક વેપારી ઉત્તર અયન... | (03) | સૂર્યની સામે પૃથ્વીનું સ્થાન જાણે છે તથા પૃથ્વીની ગતિ થકી થતી અસરોથી ઉદ્ભવતા કાયમી દબાણપટ્ટાઓ વિશે સમજણ કેળવે છે. | 1110 ભૌગોલિક માહિતીને યોગ્ય સ્વરૂપમાં રજૂ કરે છે. |
| 46 | શિયાળામાં યુરોપના... | (03) | મહાસાગરોમાં ઉદ્ભવતા વિવિધ પ્રવાહો વિશે જાણે છે. | 1105 કુદરતી ઘટનાઓ અને પ્રક્રિયાઓ તેની લાક્ષણિકતાઓના આધારે તફાવત રજૂ કરે છે. |
| 48 | GPSનો ઉપયોગ... | (03) | નકશા નિર્માણની આધુનિક તક્નિકોથી માહિતગાર થાય છે તથા GPS, GIS જેવી ટેક્નોલોજીના રોજિંદા ઉપયોગો કરી જાણે છે. | 1111 ભૌગોલિક કૌશલ્ય (RS, GIS, GNSS) દર્શાવે તેમજ સ્થળવર્ણન નકશા, હવામાન ચાર્ટ વગેરેનું અર્થઘટન કરે છે. |
| | | | **વિભાગ-E** | |
| 50 | જગદીશભાઈ ફરવાના... | (05) | પૃથ્વીના વાતાવરણમાં રહેલ વિવિધ તત્ત્વોની જાણકારી મેળવી તાપમાન અને તેની સજીવસૃષ્ટિ પર થતી અસરને વર્ણવે છે. | 1104 પૃથ્વીની સપાટી ઉપર પરિવર્તન લાવતી પ્રક્રિયાઓને વર્ગીકૃત કરે છે. |
| 51 | ચિત્ર પરથી પાંચ પ્રશ્નો | (05) | વાતાવરણના ભેજ, દબાણ, વૃષ્ટિની પ્રક્રિયા વિશે જાણે છે તથા વૃષ્ટિના પ્રકારો ઓળખી શકે છે. | 1108 મોડેલ્સ અથવા આકૃતિઓ દ્વારા નિદર્શન કરે છે. |
| | **કુલ ગુણ** | **(40)** | | |